ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૨૨
અંક : ૧૨

## સંસ્થાની યાત્રા-૩

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રની કામગીરી સતત આગળ વધતી રહી જેમાં ૧૯૯૯/૨૦૦૦ દરમ્યાન ખાંભા તાલુકાનાં લાસા ગામે ગુટખા વ્યસન નાબુદી કાર્યક્રમ યોજીને ગામને ગુટખા મુકત ગામ બનાવવાનો એક પ્રયાસ કર્યો. આ સમય દરમ્યાન ચાલતાં જળસ્ત્રાવ વિસ્તાર કાર્યક્રમ અન્વયે ગોંડલ મુકામે વોટરશેડ એન્જીનીયર સોસાયટીની રચના કરી અને ૩૦ થી વધુ સંસ્થાનાં એન્જીનીયરોને જોડવાનો પ્રયાસ કર્યો. ઓગષ્ટ ૧૯૯૯માં સૌરાષ્ટ્ર ગ્રામિણ મહીલાઓ માટે મેળાવડાનું આયોજન કરી ગ્રામિણ મહિલાઓની રોજગારી, અધિકારો અંગે જાગૃત કર્યા. આ સમય દરમ્યાન સ્વસહાય જુથનાં ૧૨૧ સભ્યોને સક્ષમતા માટે નિષ્ણાંતોની મદદથી તાલીમ કરી નાબાર્ડ, ડીઆરડીએ અને રાષ્ટ્રીયકૃત બેંકો સાથે સંકલન કરીને પગભર કરવા એક પ્રયાસ કર્યો. આ વર્ષ દરમ્યાન ડીએસસી સાથે સંકલન કરીને વોટરશેડ કાર્ય શિબિરનું ખીચા તા. ધારી ગામે આયોજન કર્યુ. મહિલાઓનાં અધિકારો સામાજીક ન્યાય કેન્દ્ર અને અમરેલી કાનુની શિક્ષણ અને સહાય કેન્દ્ર દ્વારા યોજવામાં આવેલ પેરા લીગલ તાલીમમાં સંસ્થા સાથે જોડાયેલી મહિલાઓએ ભાગ લીધો. વરસડા મુકામે ઓગષ્ટ ૧૯૯૯માં યુવતિઓ માટે આરોગ્ય કેમ્પનું આયોજન કર્યુ. સંસ્થા દ્વારા વર્ષ ૨૦૦૦/૨૦૦૧ માં ચાલતાં કાર્યક્રમ જેમકે સ્વસહાય જુથ જે છેલ્લા ત્રણ વર્ષથી સક્રિય છે. તેવા જુથોને એસબીએસ મારફત ધિરાણ અપાવવામાં આવ્યું. પંચાયત રાજની ૩૫ જેટલા સભ્યોને પંચાયતી રાજની મજબૂતાઈ વધે તે માટે બાવળા ખાતે તાલીમ કાર્યક્રમમાં ભાગ લેવા માટે લઈ જવામાં આવ્યા. આશરા સંસ્થાનાં ઉપક્રમે પંચમહાલ (વાસદળીયા) મુકામે સંસ્થા સાથે જોડાયેલી ૪૦ બહેનો અને ૧૩ બાળકોને સહભાગિતા શિબિરમાં લઈ જવામાં આવ્યા અને બાળ સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિમાં વધારો કરવાનો પ્રયાસ કર્યો.

આ સમય દરમ્યાન માઈક્રોન્યુટ્રીશય સેમીનારમાં ભાગ લીધો. સાથે-સાથે ભૂકંપ પિડીતોનાં સહાય માટે સંસ્થા દ્વારા કમર કસી, સુરેન્દ્રનગર જિલ્લાના ઓડુ ગામે ભુકંપ રાહત કામગીરીમાં સંસ્થાનાં કાર્યકરો સ્વયંભુ જોડાણા અને ૧૦૦ જેટલા મકાનોની કામગીરી પુર્ણ કરી. અમરેલી જિલ્લાનાં ઈશ્વરીયા ગામે યુવતી વિકાસ કેન્દ્ર, કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય અને સમાજમાં સ્ત્રીઓનું

**જે બીજાનાં વખાણ કરી શકે, તે સુખી થઈ શકે છે.**

મહત્વ વિશે માહિતગાર કર્યા તા. ૨૩ થી ૨૫ ફેબ્રુ ૨૦૦૧માં પાંચમું રાષ્ટ્રીય અધિવેશનમાં દવાઓ સામાન્ય વ્યકિતઓને નિઃશુલ્ક મળે તે માટે શ્વેતપત્ર પાઠવવામાં ભાગ લીધો.

નર્મદાપાણી નિયમિત અને ગુણવતા વાળુ મળે તે માટે સર્વોદય આશ્રમ બાબાપુરનાં સહયોગથી બાબાપુર મુકામે બહેનોની બેઠકમાં વિસ્તૃત ચર્ચા કરી અને તે માટે રણનિતિ નકકી કરી ઓગસ્ટ ૨૦૦૧માં વિકલાંગો માટે ટ્રેલરીંગ કટીંગ અને બુક બાઈડીંગની તાલીમ આપી.

ભુકંપગ્રસ્ત વિસ્તારમાં દવા / ફુડપેકેટ વિતરણ વ્યવસ્થામાં ભાગ લીધો.

વોટરશેડ અંતર્ગત થેલેશેમીયા ટેસ્ટ અને રકત દાન શિબિરનુ આયોજન વિશ્વ આરોગ્ય દિન નીમિતે કરવામાં આવ્યુ.

અમરેલી શહેર અને તાલુકાની ૩૦ શાળામાં શાળા એઈડઝ એજયુકેશન કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ. જેમાં ધો ૯ અને ૧૧ ના ૧૩૧૨૫ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા હતા. (ક્રમશઃ)

— રમેશભાઈ સોલંકી

**પ્રિય વાચક મિત્રો,**

આપની આસપાસ બનતી ઘટનાઓ બીજા લોકો માટે અનુકરણીય હોય તેની વિગતો ટપકને મોકલી શકો છો. આ પ્રવૃતિઓ માટે નાણાકીય સહયોગ કરી શકો છો અને નાણાકીય સહયોગ ઓનલાઈન વેબસાઈટ https://sskkamreli.org/ પર જવા વિનંતી છે.

## પાણીની ગુણવતા

પાણી એ જીવન માટે કુદરતે આપેલી અમૂલ્ય ભેટ છે જેનો વિવેકપૂર્ણ ઉપયોગ ખૂબ જ જરૂરી છે. એટલા માટે ઋષિમુનિઓએ ભારતીય સંસ્કૃતિમાં પાણી સાથેનો સંબંધ પ્રસ્થાપિત કરેલ છે. જેમાં ધર્મનું જોડાણ, પાણીને પવિત્ર ગણીને નદીઓની પુજા પણ કરવામાં આવે છે. પાણીને મહિલા અને પુરુષમાં જોવાની પધ્ધતિ પણ અલગ–અલગ છે. જેમ કે મહિલા પાણીને ફકત રસોઈ, કપડા ધોવા, ન્હાવા માટે અને વાસણ સાફ કરવાનાં સંદર્ભે જુએ છે. જયારે પુરૂષો ખેતીવાડી અને ઉદ્યોગનાં માધ્યમથી જુવે છે. આમ છતાં પાણીની ગુણવતા પણ એટલી જ જરૂરી છે. કેમકે ખરાબ ગુણવત્તાવાળું પાણી સમગ્ર જીવસૃષ્ટિને બિમાર પણ પાડી શકે છે. તેમજ ૮૦% જેટલા રોગો તો પાણીને કારણે ફેલાય છે. એટલે પાણીની ચકાસણી કરવી ખૂબ જ જરૂરી છે. પાણીની ગુણવત્તાની ચકાસણી માટે વૈજ્ઞાનિક પધ્ધતિ તો છે જ પણ પ્રાથમિક રીતે ત્રણ પધ્ધતિથી પાણીની ગુણવતાનો આછો ખ્યાલ આવી શકે છે. પાણીને જોવાથી, સુંઘવાથી અને સ્વાદથી. જુના જમાનામાં જે તે વિસ્તારમાં ઉગતા પાકો, વૃક્ષોને આધારે પાણીની સામાન્ય ગુણવતા જાણવાનો પ્રયાસ કરવામાં આવતો હતો.

પાણીની સામાન્ય રીતે ગુણવતા જોવા માટે પાણીનું વાસણ કેવું થઈ જાય છે, ન્હાવાથી માથાનાં વાળ કેવા થાય છે. જમવાથી

વાનગીમાં કેવો સ્વાદ આવે છે અને કપડા કેવા ધોવાય છે. તે ઉપરથી પણ પાણીની ગુણવતાં જાણી શકાય છે. વૈજ્ઞાનિક રીતે જોઈએ તો પાણીમાં મુળ તત્વો આર્યન (ધાતુ), ફલોરાઈડ (ખનીજ) અને સેલીનીટી (ક્ષાર) હોય છે. વિકસિત અને અવિકસિત દેશોમાં પાણીની ગુણવતાનાં માપદંડો અલગ–અલગ છે. સમયાંતરે પાણીની ગુણવતાનાં માપદંડો પણ બદલતાં રહે છે.
વૈજ્ઞાનિક દષ્ટિએ પાણીની ચકાસણીમાં મુખ્યત્વે TDS, IRON, FLUORIDE, RESIDIUAL CHLORIDE હોય છે. જે અંગેની પ્રાથમિક જાણકારી માટે આ માપદંડોને માપવામાં ચોક્કસ સાધનો અને ચોક્કસ પધ્ધતિ હોય છે. જેમાં (૧) TDS (ટોટલ ડીસોલ્વડ સોલીડ) ૧ લીટરમાં ૫૦૦ મીગ્રા સુધી યોગ્ય ગણાય છે. જયારે ૫૦૦થી ૨૦૦૦મીગ્રા/લી. સુધી હોય તો ચાલી શકે. પરંતુ ૨૦૦૦થી વધુ હોય તો ખતરનાક છે. તમક પાણીમાં ખનીજ, નમક અને ધાતુનું પ્રમાણ કેટલુ છે તે જાણવા માટે છે. સામાન્ય રીતે TDS પશુ, સેપ્ટીક ટેન્ક, લેન્ડફીલ અને જમીનનાં માધ્યમથી પાણી સાથે ભળે છે. જેનો સરળ ઉપાય ચક્ર સિસ્ટમ છે. TDS પ્રાથમિક રીતે વાસણ ઉપર ક્ષારનું લેયર જોવા મળે તો અને સ્વાદમાં નમકીન હોય તો TDS નું પ્રમાણ વધુ છે તે જાણી શકાય છે. (૨) IRON ૧લીટર પાણીમાં ૦.૩૦ મીગ્રા હોય તો બરાબર છે. યચફદ નો વધારો પાણીની કટાઈ ગયેલી પાઈપને કારણે કે ડાયરેકટ ભૂગર્ભજળ લેવામાં આવે તો માત્રા વધુ હોય છે તેનાં નિવારણ માટે ઓકસીડાઈનીગ RO નો ઉપયોગ કરવાથી તેની માત્રાને સંતુલીત કરી શકાય. (૩) FLUORIDE સામાન્ય રીતે ૧ લીટર પાણીમાં ૧ મી.ગ્રા. હોય તો સારૂ કહેવાય અને ૧.૫૦ મી.ગ્રા./લીટર સુધી ચાલી શકે છે. ડાયરેકટ ગ્રાઉન્ડ વોટર ઉપયોગમાં લેવાય તો માત્રા વધુ હોય શકે. ફલોરાઈડના વધુ પ્રમાણથી દાંત પીળા પડવા, દુઃખાવો થવો અને હાડકાનાં રોગ થવાની સંભાવના છે. (૪) RESIDIUAL CHLORIDE નું પ્રમાણ સામાન્ય રીતે ૧ લીટર પાણીમાં ૦.૨૦ મીગ્રા હોય તો સારૂ અને ૧.૫૦ મીગ્રા સુધી ચાલી શકે છે. વધુ CHLORIDE ની ટીકડીઓ પાણીમાં નાખવામાં આવે તો તેનું પ્રમાણ વધે. એટલે કે ૫ લીટર પાણીમાં ફકત ૧ મીગ્રા ટેબલેટ નાખવાથી યોગ્ય નિયંત્રણમાં રહે છે. મતલબ યોગ્ય કલોરીનેશન જ આનો ઉપાય છે. પાણીમાં ટીડીએસ અને ફલોરાઈડ માપવા ટેસ્ટીંગ ઈકવીપમેન્ટ, પાણીમાં મળનાં બેકટેરીયાનાં ટેસ્ટ માટે H2s Testing અથવા પેપર સ્ટ્રીપ મેથડ હોય છે. આમ ગુણવત્તાવાળું પાણી મેળવવા માટે જળ પરિક્ષણ કરવું ખૂબ જરૂરી છે તેમજ પાણીનો ઉપયોગ સંયમ પૂર્વક પણ કરવો જરૂરી છે.

– રમેશભાઈ સોલંકી

**અહંકારને અધિકાર માંગવો પડે છે જયારે પ્રેમને અધિકાર સામેથી મળે છે.**

## જન જાગૃતિ અભિયાન

ઉત્તમ કપાસની પહેલ કાર્યક્રમ મુખ્ય સાત સિદ્ધાંતોનું પાલન કરી ખેડૂતોની આવક વધે અને ખર્ચ ઘટે તે માટેના પ્રયત્નો કરે છે.જે પૈકી પ્રથમ સિદ્ધાંત પાક સંરક્ષણ બાબતે થોડું સમજીએ. એમાં આપણી ઉદાસિનતાને લીધે આપણને ઘણું આર્થિક નુકશાન થાય છે, આપણે મોટા ભાગે મજૂરો દ્વારા આ કાર્ય કરાવીએ છીએ, જંતુનાશક છાંટતી વખતે છંટકાવ કરનાર ખેતીમાં કામ કરતા વ્યકિતને જંતુનાશકની વિપરીત અસર ઘણીવાર થતી હોય છે. જંતુનાશક આમ તો આપણે ખેતી પાકોને નુકશાન કરતા જીવાતો કે ઈયળો માટે વાપરતા હોઈએ છીએ. પરંતુ મજૂરો દવા છંટકાવનું કામ ઝટપટ પૂરું કરવા ઉતાવળા હોય છે એટલે આપણને અસરકારકતા મળતી નથી, આપણે તે દવા શાંતિથી છાંટે તે માટે પ્લાસ્ટિકનો કોટ, માસ્ક, ટોપી લાવીને આપતા નથી. આ થોડા પૈસાની બચત સરવાળે આપણને ભારે પડે છે તે બાબતે થોડું ઉંડાણથી વિચારીએ.

બીજું  કે ઘણીવાર દવા છાંટયા પછી બીજા જ દિવસે શાકભાજી તરત જ ઉતારિયે છીએ. જંતુનાશકોના અવશેષો ઘણીવાર પાકમાં રહી જવાથી ઉપભોકતા માટે ઘણું નુકશાનકારક નીવડે છે. ઓછામાં ઓછી જંતુનાશકના ઉપયોગ દ્વારા આપણે પાક કેવી રીતે લઈ શકીએ? ઓછા નુકશાન કરતાં જંતુનાશકો છાંટીને ખેતીમાં બિન જરૂરી ખર્ચ ઘટાડી શકાય છે. જંતુનાશક દવા છાંટયા વગરના ફળો, શાકભાજી અને અનાજોના ભાવ ઉંચા મળી રહયા છે. એટલે કે ઓર્ગેનિકનો યુગ આવી ગયો.



**બાળકોને સમય-સંસ્કાર આપવાની બાબતમાં ઉપેક્ષા કરવી નહીં.**

બીસીઆઈ પ્રોજેકટ સાથે જોડાયેલા ખેડૂતોને આ વર્ષે મગફળીના પાક માટે ઓર્ગેનિક ઈનપુટ અમરેલી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા આપવામાં આવેલા અને તે ખેડૂતોને ઓર્ગેનિક સર્ટીફીકેટ માટેની પ્રોસેસનું માર્ગદર્શન અપાયું.

બજારમાં જંતુનાશક લેવા જઈએ એટલે ઘણી દવાઓ સીસ્ટેમીક છે તેવું જાણવા મળે. સીસ્ટેમીક ઈન્સેકટીસાઈડ એક એવું રસાયણ છે કે જે છોડના પાંદડા ઉપર છાંટવાનું હોય છે. પાંદડાના રંધ્રો દ્વારા તે પાન અને આખા છોડમાં તેની વાસ્કયુલર સિસ્ટમ દ્વારા શોષાય જાય છે. જયારે રસ ચુસતી જીવાતો પાંદડામાંથી રસ ચૂસે છે ત્યારે તેના માટે ઝેરી સાબિત થાય છે. જેનાથી જીવાતનો અતિ ઉપદ્રવ અટકે છે અને લાંબા ગાળાનું નિયંત્રણ આપી શકે છે.

આપણી ખેતી માટે હોય કે બાળકોને અભ્યાસ માટે બધામાં યુટયુબ તમારી વહારે આવે છે, આપણી ખેતીને લગતા હજારો વિડીયો આપણી ભાષામાં રોજ યુટયુબપર પોસ્ટ થાય છે. જેમાંની એક આપણી ટપક ચેનલ જેમાં સંસ્થા દ્વારા થતી પ્રવૃત્તિ અને અવનવા ખેતીલક્ષી વિડીયો જોઈ શકાય છે.

ઉપરોકત તમામ બાબતોની સાથે ડીસન્ટવર્ક, બાળ મજુરી નિવારણ, રાસાયણીક જંતુનાશકોના વપરાશ અંગે, ગુલાબી ઈઅળ વ્યવસ્થાપન, વરસાદી પાણીના સંગ્રહ વિગેરે બાબતો પર આ માસમાં ચારેય પ્રોજેકટ વિસ્તારમાં જન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યુ હતુ. આ અભિયાનની સાથે ડેન્ટલ હાઈજીંગ પ્રોગ્રામનું કાર્યક્ષેત્રનાં ગામોમાં અભિયાન ચલાવ્યું હતું.

— અવંતિકા તંતી




**ધર્મ એટલે જ્ઞાનપૂર્વક જીવન જીવવાની સાચી અને સરળ રીત.**

## લેમ્પ-ડેન્ટલ હાઈજીન લોન્ચીંગ ઈવેન્ટ કાર્યક્રમ

અમેરીકન ઈન્ડયા ફાઉન્ડેશન અને ડો. નેમી પટેલ (યુએસએ)ના સહયોગથી જિલ્લા વિકાસ અધિકારીશ્રી તેજસ પરમારની ઉપસ્થિતિમાં ડેન્ટલ હાઈજીન કાર્યક્રમની લોન્ચીંગ ઈવેન્ટ તા.૧૮/૧૨/૨૦૨૦નાં સમય ૧૦.૩૦ કલાકે સરપંચશ્રીઓ, શાળાનાં આચાર્યશ્રીઓ, ગ્રામ્ય આગેવાનો, સંસ્થાની કારોબારીનાં સભ્યશ્રીઓ અને કાર્યકર્તાઓની ઉપસ્થિતીમાં રાખવામાં આવેલ જેનો વિગતવાર અહેવાલ નીચે મુજબ છે.

સૌ પ્રથમ હાર્દિકભાઈ ભેવલીયા (લેમ્પ કાર્યકર) દ્વારા માનનિય જિલ્લા વિકાસ અધિકારીશ્રી અને સ્ટેકહોલ્ડરનું શબ્દોથી સ્વાગત કરવામાં આવ્યું અને સંસ્થાનાં ડાયરેકટર શ્રી દ્વારા પધારેલા જિલ્લા વિકાસ અધિકારશ્રી અને કારોબારી સભ્યશ્રીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યુ. સ્વાગત કાર્યક્રમ પુરો થયે પછી આ ડેન્ટલ કાર્યક્રમનાં લોન્ચીગ માટે માનનિય જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સંસ્થાનાં ડાયરેકટર શ્રી ધીરૂભાઈ વાગડીયા અને કારોબારી સભ્યશ્રીઓ દ્વારા દિપ પ્રાગટય કરીને કાર્યક્રમને ખુલ્લો મુકવામાં આવ્યો. ત્યાર બાદ સંસ્થાનાં ડાયરેકટરશ્રીએ સંસ્થાનો ટુંકો પરિચય આપી આ કાર્યક્રમની ટુંકી માહીતી આપી અને અતિ વ્યસ્તતા હોવા છતા જિલ્લા વિકાસ અધિકારીશ્રી આ કાર્યક્રમમાં હાજરી આપી તે બદલ આભાર વ્યકત કર્યો.

ડેન્ટલ કાર્યક્રમનું વિસ્તૃત પ્રેજન્ટેશન આ કાર્યક્રમનાં સોશ્યલ મોબીલાઈઝરશ્રી રમેશભાઈ સોલંકી દ્વારા કરવામાં આવ્યું જેમાં કાર્યક્રમનો હેતુ, કાર્યક્ષેત્ર વાળા ગામો, આવરી લેવાની કામગીરીની વિગતો, આયોજન અને સમય મર્યાદા તેમજ ૧૫ ડીસેમ્બર ૨૦૨૦ સુધીમાં થયેલ કામગીરીની વિગતો રજુ કરી.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જણાવ્યું કે સરકાર કક્ષાએ આરોગ્ય વિષયક ઘણી પ્રવૃતિઓ થાય છે. શાળાનાં બાળકો માટે આરોગ્ય ચકાસણી પણ સમયાંતરે કરવામાં આવે છે. પરંતુ દાંતની સંભાળ માટેનો આ સ્પેશલ કાર્યક્રમ જેમાં ૩૦૦૦ જેટલા બાળકોને આવરી લેવાનાં છે. તે જાણીને ખૂબ આંનદ થયો અને એ બાબતે સંસ્થાને અભિનંદન પાઠવ્યા હતા. કોરોના સમયમાં સરપંચશ્રીઓએ વહીવટી તંત્ર સાથે સંકલન સાધીને સારી કામગીરી કરેલ છે તે બદલ સરપંચશ્રીઓને પણ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ભાર પૂર્વક જણાવ્યું કે સૌરાષ્ટ્રમાં લોકોમાં પાન, મસાલા, ગુટકા જેવા વ્યસનોનું પ્રમાણ વધુ છે જેને કારણે કેન્સર જેવા રોગનું ભોગ બનવું પડે છે. આ કાર્યક્રમનાં માધ્યમથી લોકોમાં જાગૃતિ ઉભી કરવા અપીલ કરવામાં આવી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત ડો. દેવલ પટેલ (ડેન્ટીસ્ટ) દ્વારા દાંતની સ્વચ્છતા માટે સારી ટેવો, મોં અને દાંતમાં તકલીફની શરૂઆતનાં ચિન્હો અને દાંતની સંભાળ

**જીવનને બરબાદીના માર્ગે લઈ જતા મિત્રોની દોસ્તી કરવી નહીં.**

કેવી રીતે રાખી શકાય જે માટે વ્યસન બંધ કરવા, નિયમોનુસાર બ્રશ કરવું, વધુ ઠંડા–ગરમ પદાર્થો કે પાણી ન પીવા અને દાંતની નિયમિત સફાઈ કરવી તે અંગે વૈજ્ઞાનિક ધોરણે માર્ગદર્શન આપવામાં આવ્યું.

શ્રોતાઓમાંથી વધુ માર્ગદર્શનની જરૂરીયાત હોય તો પ્રશ્નોતરી માટે મંચ ખુલ્લુ મુકવામાં આવ્યું. જેમાં સરપંચશ્રી, શાળાનાં શિક્ષકો ગામના પ્રતિનિધિ દ્વારા બાળકોને દાંતની તકલીફ હોય તો કઈ–કઈ રીતે જાણી શકાય, કાર્યક્રમની અમલવારી અંગે પ્રશ્નો કરવામાં આવ્યાં જેમાં ડોકટર અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા સંતોષકારક જવાબો આપવામાં આવ્યા.

સંસ્થાનાં કારોબારી સભ્યશ્રી બીપીનભાઈ જોશી દ્વારા તળપદી ભાષામાં દંત આરોગ્ય વિષયક અપનાવવામાં આવતી પરંપરાગત પધ્ધતિ અને વૈજ્ઞાનિક રીતે દાંતની સંભાળ અંગે વિસ્તૃત જાણકારી આપી અને દાંત માનવ શરીરમાં એક અનન્ય અંગ છે જો દાંત તંદુરસ્ત તો જીવન તંદુરસ્ત એ બાબત સરળ ભાષામાં સમજાવી. અને આ પ્રકારનો કાર્યક્રમ સંસ્થા દ્વારા હાથ ઉપર લેવાયો તે બદલ સંસ્થાનાં ડાયરેકટર શ્રીને અભિનંદન આપવામાં આવ્યા.

સંસ્થાનાં ઉપપ્રમુખશ્રી પ્રો.જે.એમ તળાવિયાએ જણાવ્યુ કે આરોગ્ય બાબતે આંખ અને દાંત બંને અંગ એવા છે કે તેની સરખામણી બીજા સાથે થઈ ના શકે માટે દાંતની સંભાળ વ્યકિતએ જાતે જ રાખી વ્યસન બંધ કરવા જોઈએ.

કાઉન્સેલરશ્રી નઝમા ટાંકએ ચાઈલ્ડ લાઈન ૧૦૯૮નું મહત્વ અને હેતુ, બાળ અધિકારો, બાળસુરક્ષા અંતર્ગત કાયદાઓ, અને ચાઈલ્ડ લાઈન અંતર્ગત થયેલ કામગીરી અંગે વિસ્તૃત માહીતી આપી દાંતની સંભાળવાળી આ કામગીરીને પોતાના દરેક કાર્યો સાથે જોડશે તેમ જણાવ્યુ હતુ.

ડાયરેકટરશ્રીએ સંસ્થા દ્વારા ચાલતા પ્રોજેકટ જેમકે ચાઈલ્ડલાઈન, ઉતમ કપાસની પહેલ, જૈવિક ખેતી, બીજ ઉત્પાદન, નવી બીજ વેરાયટીના નિદર્શન, લર્નીગ એન્ડ માયગ્રેશન પ્રોગ્રામ (લેમ્પ) અંતર્ગત લર્નીગ એનરીચમેંટ, લર્નીગ રીસોર્સ સેન્ટર, સ્પોક વીલેજ સ્કુલ એંગેજમેટ, ડેન્ટલ હાઈઝીન, ડીઝીટલ લર્નીગ, તથા ખેડુતોના સંગઠનોની કામગીરીની સાથે સાથે હરિરાજ દ્વારા ચાલતા જેન્ડર સંવેદનશીલતા, લર્નીગ આસીસટન્સમાં ચાલતી કામગીરી વર્ણવી હતી.

કાર્યક્રમના અંતમાં રમેશભાઈ સોલંકી દ્વારા આ કાર્યક્રમમાં ઉપસ્થિત માનનિય જિલ્લાવિકાસ અધિકારીશ્રી, પધારેલ સ્ટેક હોલ્ડર્સ, કારોબારીનાં માનનિય સદસ્યશ્રીઓ અને કાર્યકર્તાઓનો આભાર માન્યો હતો.

– નઝમા ટાંક

**ઉપદેશ આપવો સહેલો છે, ઉપાય બતાવવો અઘરો છે.**

## Happy Birthday

| | |
|---|---|
| Jenti Sarvaiya | 01.01.1992 |
| Mansing Bambhaniya | 09.01.1994 |
| Gordhan Vaghela | 20.01.1983 |

## In this month

10-12 Pro. Shambhu Prasad (IRMA) and his team came with Abhishek Saxena, Deborah Dutta and VandanaRavi to visit the SSKK and study of Sorath.

13 Meeting with Kuldeep Solanki (CEO GUJPRO) for seed production program.

15 SSKK's team meets Mr. Prabhatsinh Mori and learns about GHCL Foundation's activities.

18 LAMP-Dental Hygiene Program Launching Event Program. Inaugurated by Shree Tejas Parmar IAS (DDO Amreli). Supported by Dr.Nammy Patel USA through AIF.

22 Online team meeting.

23 Opening ceremony of farmers development centre in Sorath.

Mass awareness campaign-safe disposal of empty containers of chemical pesticides/ pink bollworm management/ rainwater harvesting. Decent Work activities / Awareness Campaign about issue of child labour, prevention and elimination completed in this month

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

Post Reg. No. Amreli/091/2018-20
Valid Upto 31/12/2020

RNI No. GUJGUJ/1999/01521
Date Of Issue 1st of month

Book -Post, Printed Matter

SSKK

**ટપક કાર્યાલય :**
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી–૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

**સંકટો આવ્યા પછી જ ડહાપણ આવતું હોય છે.**